# સાબરકાંઠા અરવલ્લી રબારી સમાજ
# સામાજિક સુધારા / બંધારણ

# મહા પરિષદ - ૨૦૨૫

## માહિતી પુસ્તિકા
## (દરેક ઘર / ગામ માટે)

## સાબરકાંઠા અરવલ્લી રબારી સમાજ



શુભ અને ભલાઈના કામો પુરા કરવામાં કુદરત સૌની મદદ કરે છે.

# :: અનુક્રમણિકા ::


| અ.નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | સગાઈ પ્રસંગ | ૫ |
| ૩ | ચાંલ્લા પ્રસંગ | ૬ |
| ૪ | લગ્ન પ્રસંગ / વિવાહ પ્રસંગ | ૭ |
| ૫ | સીમંત પ્રસંગ | ૯ |
| ૬ | ડિલીવરી પ્રસંગ | ૧૦ |
| ૭ | મરણ પ્રસંગ | ૧૧ |
| ૮ | દવાખાનાનો પ્રસંગ | ૧૨ |
| ૯ | સાડા / કપડાં પ્રથા | ૧૩ |
| ૧૦ | ખાસ સુધારાં / બંધા | ૧૪ |

## :: પ્રસ્તાવના ::

## નવા નિયમો / સુધારાઓ / બંધાઓના કારણો

આજનો સમય ઘણો કપરો અને મુશ્કેલ છે. આવનારો સમય એનાથી પણ વધારે કપરો અને મુશ્કેલ રહેનાર છે. સમાજમાં હાલ પ્રસંગો અને વ્યવહારોમાં દિવસે દિવસે ઘણો વધારો થતો ગયો છે. સાથો સાથ મોંઘવારી પણ વધતી જાય છે. જેના લીધે સમાજના કુટુંબોને આ કુરિવાજોને નિભાવવા ઘણા અઘરા અને મુશ્કેલ થઈ ગયા છે. સમાજના કુટુંબોની આવકો દિવસે દિવસે ઘણી ઓછી થઈ રહી છે અને ખર્ચાઓ ઘણા વધી રહ્યા છે. સમાજના લોકો લોનો, દેવા, વ્યાજના ડુંગર નીચે દબાઈ રહ્યા છે. વધુમાં સમાજમાં બિમાર સ્વજનની દવાના ખર્ચ કરતા ઘરધણીનો સગાઓની પહેરામણીનો ખર્ચ ઘણો જ વધી ગયો છે. મોટા વ્યવહારો, દેખાદેખી, સરખામણીઓ અને પહેરમણીઓના કારણે સગાઓમાં મન દુ:ખ અને મન ઉંચા થવાના ઘણા પ્રસંગો સતત બનતા રહે છે. સામાજિક ખોટા ખર્ચાઓના કારણે કુટુંબમાં દેવું કરવું પડે છે, મોટી લોનો લેવી પડે છે અને ઉંચા દરના વ્યાજ ભરવા પડે છે. ઘરકુટુંબના બીજા અગત્યના જરૂરી વ્યવહારો જેવાં કે, શિક્ષણ, ધંધા, રોજગાર, આવક, રોકાણ, આરોગ્ય વિગેરે અગત્યના કામો માટે કુટુંબમાં કોઈ રકમ કે પૈસા બચતા નથી. આ બધા કારણોની ચર્ચા વિચારણા કરી સમાજના જાગૃત વડીલો, આગેવાનો અને યુવાનોએ નીચે મુજબના સામાજિક સુધારાઓ અને બંધાઓ સર્વ સંમતિથી નક્કી કરેલ છે.

## :: સુધારાઓના / બંધાઓના મુદ્દાઓ ::

### -: સગાઈ પ્રસંગ :-

૧. સગાઈમાં ૧૧ કે ૨૫ થી વધુએ જવુ નહીં કે તેનાથી વધારે બોલાવવા નહીં.
૨. સગાઈમાં સાદો રૂપિયો લેવો. ચાંદીનો રૂપિયો સદંતર બંધ.
૩. સગાઈ પ્રસંગમાં દીકરાના બાપે સગાઈના ૧૧ રૂપિયા આપવા અને ખાવાના ૧૦૦ રૂપિયા આપવા.
૪. દીકરા-દીકરીના મોસાળપક્ષ વાળાઓએ ખાવાના રૂા. ૧૦૦ આપવા.
૫. સગાઈમાં બે જોડી કપડા જ આપવા.
૬. સગાઈમાં દાગીનામાં ફક્ત ચાંદીની ઝાંઝર જ આપવી. સોનાનો દાગીનો બંધ.
૭. બીજા તમામ પ્રકારના પેકીંગ ટોપલા છાબડીઓ બંધ.
૮. પહેરામણીમાં ઘરધણીએ વેવાઈને ૩૧૦૦, મોસાળપક્ષને ૧૧૦૦, બીજા સગા હોય એમને ૨૦૦ થી વધુની પહેરામણી આપવી નહીં. જે બંધ કવરમાં આપવી.
૯. સગાઈ પછી વેવાણોને બોલાવવાની પ્રથા સદંતર બંધ.
૧૦. સગાઈ પછી મોબાઈલ ફોન આપવાની પ્રથા સદંતર બંધ.
૧૧. સગાઈનો રૂપિયો શક્ય હોય ત્યાં સુધી ઘરે જ લેવો. અનુકુળતા ન હોય તો અન્ય વૈકલ્પિક જગ્યાએ સાદાઈથી સગાઈ પ્રસંગ કરી શકાય.

## -: ચાંલ્લો પ્રસંગ :-

૧. ચાંલ્લો જાનની સાથે જ લઈ જવો અને બોલાવવો. ચાંલ્લો અલગથી બોલાવવો કે લઈ જવો નહીં

૨. છોકરીવાળાઓએ છોકરાવાળાઓને ત્યાં ચાંલ્લો લઈ જવાની અને છોકરાવાળાઓએ છોકરીવાળાઓ પાસેથી ચાંલ્લો મંગાવવાની પ્રથા સદંતર બંધ.

૩. ચાંલ્લામાં સોનાનો દાગીનો વધુમાં વધુ બે તોલાનો લઈ જવો. એનાથી વધારે નહીં. એનાથી ઓછો આપી શકાશે.

૪. ચાંલ્લામાં છોકરી માટે પાંચ જોડી કપડાં લઈ જવા અને એટલા જ મંગાવવા. બીજા કોઈને કપડાંનો વ્યવહાર કરવો નહીં કે મંગાવવો નહીં. જે તે ગામમાં કોઇ સગું હોય તેને રૂ. ૧૦૦ કે ૨૦૦ નો રોકડો વ્યવહાર કરવો.

૫. બીજા તમામ પ્રકારના પેકીંગ ટોપલા છાબડીઓ બંધ.

૬. ચાંલ્લામાં ઘરધણીએ વધુમાં વધુ રૂ. ૩૧૦૦/– પહેરામણી કરવી. એનાથી ઓછી પણ શકાય. એનાથી વધારે કરવી નહીં. સાથેના સગાઓને રૂા. ૧૦૦ કે ૨૦૦ બંધ કવરમાં આપવા.

૭. ચાંલ્લામાં સાથે આવેલા કોઈને અલગથી પહેરામણી કરવી નહીં.

## -: લગ્ન પ્રસંગ / વિવાહ પ્રસંગ :-

૧. લગ્નમાં વરઘોડો કાઢવો નહિ, જેના ગામે પહેલાંથી વરઘોડો કાઢવાનો રિવાજ છે એમના માટે છુટ.

૨. લગ્નમાં સામે પક્ષે જમાઈને વરઘોડો કાઢવા દેવો નહીં.

૩. લગ્નમાં ડીજે લાવવું નહીં. કલાકાર બોલાવવો નહીં. જમાઈને ડીજે લાવવા દેવું નહીં.

૪. લગ્નમાં મહેંદી રસમ, હલ્દી રસમ, પ્રિ–વેડિંગ ફોટોસૂટ, કલાકાર ડીજે સાથેના રાસગરબા જેવાં વધારાના કાર્યક્રમ કરવા નહીં.

૫. લગ્નવાળાએ સાદું ઢોલ (ઢોલી / રાવળ ) બોલાવી શકાય. સાથે ગીતોની કેસેટ વગાડી ગરબા ગાઈ શકાય.

૬. પડો લઈને આવનાર બ્રાહ્મણને વધુમાં વધુ રૂ.૩૧૦૦ આપી શકાય. એનાથી ઓછા પણ આપી શકાય.

૭. લગ્નમાં છોકરાવાળાએ જાનની સાથે દહેજમાં વધુમાં વધુ પાંચ તોલાનો સોનાનો દાગીનો લઈ જવો. એનાથી ઓછો લઈ જઈ શકાય. છોકરીવાળાએ વધુમાં વધુ પાંચ તોલાની મર્યાદામાં જ દહેજ મંગાવવું. બીજા કોઇ દાગીના લઈ જવા કે મંગાવવા નહીં.

૮. લગ્નમાં કંકોત્રી સાદી છપાવવી. શક્ય હોય તો ડીઝીટલ કંકોત્રી મોકલવી. કંકોત્રી લઈ ઘરધણીએ જાતે ના જતાં, બીજાઓને કુટુંબમાંથી મોકલવા.

૯. કંકોત્રી લઈને આવનારને સો રૂપિયા પહેરામણી જ આપવી. એનાથી વધારે આપવી નહીં. કંકોત્રી આપવા જનારે સો રૂપિયા પહેરામણી જ લેવી. એનાથી વધારે લેવી નહીં.

૧૦. લગ્નની કંકોત્રી પિયરમાં આપવા જતા કે કંકોત્રી આપવા આવનાર દિકરી જમાઈને વ્યવહારિક પહેરામણી આપવી અને લેવી.

૧૧. લગ્ન પછી બચી કરવા જઈએ ત્યારે કોઇ સગાંએ સોનાની વીંટી કે કોઇ બીજો દાગીનો કે અન્ય કોઇ વસ્તુ આપવી નહીં કે લેવી નહીં. વધુમાં વધુ રૂા. ૧૦૦ હાથમાં આપવા.

૧૨. લગ્નમાં સગાઓને પહેરામણી આપવી કે ના આપવી એ ઘરધણીની મરજીની વાત છે. ના આપવી હોય તો તે ના આપી શકાશે અને આપવી હોય તો રૂા. ૧૦૦ કે ૨૦૦ બંધ કવરમાં જ આપવી.

૧૩. દીકરા-દીકરીનો લગ્ન પ્રસંગ એક સાથે જ હોય તો જાન લઈ જવાની અને બોલાવાનો પ્રસંગ એક જ દિવસમાં પુરો કરી શકાય.

૧૪. મામેરૂ, વરવાઘા, જમણવારનો પ્રસંગ એક દિવસમાં પુરો કરવા માટે લગ્ન પ્રસંગ સાંજ ઉપર પણ રાખી શકાય.

## -: સીમંત પ્રસંગ :-

૧. સીમંત કે બેબીશોવરના બદલે ખોળો ભરાવવાની વિધિ શાસ્ત્રીય રીતે સાદાઈથી ઘરમેળે જ કરવી.

૨. સગી બહેનને બોલાવી શકાય. બીજા સગાસંબંધીને બોલાવવા નહીં.

૩. બહુ મોટો જમણવાર કરવો નહીં.

૪. એક કે બે જણે તેડવાં જવુ અને એક કે બે જણને તેડવાં બોલાવવા.

૫. સીમંતમાં સોનાનો કે ચાંદીનો દાગીનો આપવો નહીં કે લેવો નહીં.

૬. પિયરમાંથી સાસરીમાં જતા પેટીમાં કોઇ કપડાં કે સાડા લાવવા નહીં અને મુકવા નહીં. રોકડમાં વ્યવહાર લાવવો. ૧૦૦ કે ૨૦૦ કવરમાં લાવવા.

૭. વાહમાં કોઇ સગું હોય તેમના માટે રોકડમાં વ્યવહાર મોકલી શકાય. રૂા. ૧૦૦ કે ૨૦૦ કવરમાં મોકલવા.

૮. સીમંતમાં તેડવાં આવનારને વધુમાં વધુ ૨૧૦૦ રૂપિયાની પહેરામણી આપી શકાય. એનાથી ઓછી પણ આપી શકાય.

૯. તેડવા આવનારને સગા ભાઈઓએ રૂા. ૧૦૦ કે ૨૦૦ રૂપિયાનો રોકડ વ્યવહાર કરવો.

૧૦. ખોળો ભરનાર બાઈને કુટુંબવાળા કે સગાઓએ પહેરામણીમાં કપડાં આપવાની પ્રથા સદંતર બંધ. રૂા. ૧૦૦ આપી શકાય.

૧૧. સીમંતમાં ફુલ પાથરવા, કઢંગા ફોટો સૂટ કરવા, આરતી, ડેકોરેશન કરવા, કંકુ પગલાં પડાવવાની પ્રથાઓ સદંતર બંધ.

## -: ડીલીવરી કેસ પ્રસંગ :-

૧. દવાખાને ડિલિવરી વખતે પીયર પક્ષ અથવા સાસરી પક્ષ ખબર લેવા આવે ત્યારે બાળક માટે ફક્ત બે જોડી કપડા તેમજ રૂ.૫૦૦/– આપવા તથા લેવા.

૨. ખબર લેવા સાથે જનારે ફક્ત સો રૂપિયા આપવા.

૩. કપડા તથા મીઠાઈ (જલેબી/પેંડા) ફક્ત સાસરી પક્ષ તેમજ પીયર પક્ષ વાળાએ જ લાવવા બીજા કોઈએ લાવવા નહી.

૪. દવાખાને પહેરામણી આપવી કે લેવી નહી.

૫. દવાખાને નાસ્તો તેમજ જમવાનું કરવુ નહી કે કરાવવુ પણ નહી. તે સદંતર બંધ.

૬. ડિલિવરી વખતે કોઈ દાગીના આપવા નહી કે લેવા નહી.

## -: મરણ પ્રસંગ :-

૧. મરણ પ્રસંગે સગી બહેન અને દીકરીને જ લાકડે બોલાવવી. વેવાઈઓ અને બીજા સગાઓને બોલવવા નહીં.

૨. મરણ પ્રસંગે છાજીયા લેવાના કે છાતી કૂટવાની પ્રથા બંધ.

૩. મરણ પ્રસંગે બૈરાઓએ એકબીજાને મલવાનું બંધ.

૪. ૧૨ કે ૨૨ દિવસે તથા વાર/તહેવારે મો વાળવા આવવા જવાનું બંધ.

૫. શોક મુકવા બધા સગાઓને બોલાવવા નહીં. શોક મુકવા બહેન દિકરીને જ બોલાવી શકાય.

૬. બહેન દિકરીને જ શોકમાં સાડી સાડલા બદલાવવા. બીજા નજીકનાં સગાઓને રોકડમાં શોક બદલવા. રૂા. ૧૦૦ આપી શોક બદલાવવા.

૭. મરણ પ્રસંગે લોકાચાર આવનાર સગાઓને પહેરામણી સદંતર બંધ. છોકરાઓને ખાવાના પૈસા આપવા કે લેવા નહીં.

૮. મરણ પાછળ ખીચડી અને ઘી ની વાડી સદંતર બંધ.

## -: દવાખાનું પ્રસંગ :-

૧. કોઈના ઘરે કે દવાખાને ખબર લેવા જઈએ તો પહેરામણી લેવી કે આપવી નહિ.

૨. દવાખાને નાસ્તો તેમજ જમવાનું કરવુ નહી કે કરાવવું નહી. તેમજ પહેરામણી લેવી કે આપવી નહી.

૩. દવાખાને ખબર લેવા આવનારને ચા–પાણી કરાવી શકાય.

૪. ઘરે કે દવાખાને ખબર લેવા આવનાર સગાંને સાડા, કપડાં કે રોકડ પહેરામણીની પ્રથા સદંતર બંધ.

## -: સાડા / કપડાં પ્રથા :-

૧. લગ્ન પ્રસંગમાં કંકોત્રી આપવા જતી વખતે કપડા પ્રથા સદંતર બંધ. આપવા નહિ કે લેવા પણ નહિ.

૨. લગ્નમાં આવેલ મહેમાનને કપડા કે સાડલા આપવા નહિ. રોકડ વ્યવહાર કરવો. રૂા. ૧૦૦ કે ૨૦૦ કવરમાં આપવા.

૩. આડાદિવસે ખરખબર/મહેમાનગતી કોઈ આવે કે ક્યાંય મહેમાનગતી જઈએ ત્યારે દિકરી, જમાઈ, વેવાઈ સિવાયની પહેરામણી આપવી નહીં કે લેવી નહીં.

૪. મામેરામાં આવેલને પહેરામણી રોકડમાં આપવી. સાડા કે કપડા આપવા નહિ. ઘરધણીને પણ કપડા કે સાડા લેવા નહિ. રોકડ પહેરામણી જ લેવી. જે રૂા. ૧૦૦ કે ૨૦૦ બંધ કવરમાં આપવી.

૫. લગ્ન, જીયાણું, ચાંલ્લો, સીમંત દરેક પ્રસંગની પેટીમાં સાડલા અને કાપડ પ્રથા બંધ. ઘરધણી (ઘરના સભ્યો) ના જ સાડલા લાવવા. ગામમાં સગાં, ભાઈઓ, કુટુંબ માટે પેટીમાં ૧૦૦ કે ૨૦૦ ની રોકડ પહેરામણી લાવવી.

૬. વરવાઘા તથા મામેરૂ આવે અથવા લઈને જઈએ ત્યારે ઘરધણીના જ કપડા કે સાડા લાવવા કુટુંબ વ્યવહાર રોકડમાં લાવવો તથા આપવો. જે રૂા. ૧૦૦ કે ૨૦૦ બંધ કવરમાં આપવી.

૭. મામેરા કે વરવાઘામાં મોસાળપક્ષની વળતા કપડાં, સાડલાની પહેરમણી આપવી નહીં. રોકડમાં બધા વચ્ચે પુરૂષોને રૂા.૩૧૦૦ અને વધુમાં વધુ મહિલાઓને રૂપિયા ૨૧૦૦/– ની પહેરામણી આપવી એનાથી ઓછી આપી શકાય.

## -: ખાસ બંધો :-


૧. આડા દિવસે મહેમાનગતી કે ખરખબરે જનાર કે આવનારને પહેરામણી આપવી નહીં કે લેવી નહીં.

૨. છોકરાઓને ખાવાના પૈસા આપવા નહીં કે લેવા નહીં.

૩. ઉપર જણાવેલ પ્રસંગોમાં રોકડી પહેરામણી શક્ય હોય તો બંધ કવરમાં જ આપવી.

૪. કંકોત્રીમાં સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ સુધારા અને બંધારણનો અમલ કરવામાં આવનાર છે એવું ખાસ લખવું.

★★★



માતા અને પિતા, સમાજ અને રાષ્ટ્રનું ઋણ ચૂકવવું એ દરેકની ફરજ અને જવાબદારી છે.



દરેક કર્મનું ફળ મળે છે. શ્રેષ્ઠ કર્મોથી શ્રેષ્ઠ ભાગ્યનું નિર્માણ થાય છે.